# પ્રેસનોટ

## રાજ્ય પોલીસની માદક પદાર્થો રોકવા અંગેની અસરકારક કામગીરી

**એ.ટી.એસ. સહિત તમામ એકમો દ્વારા નાર્કોટીક્સ પકડવા અંગે રાજ્ય સરકારની સૂચનાનો કડક અમલ.**

ગાંધીનગર તા: ૦૫/૦૩/૨૦૨૧૨ ગુજરાત રાજ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન સાથે જમીની સરહદથી જોડાયેલ છે તેમજ ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટરથી વધુનો દરિયાકિનારો છે. જે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા-રેખા તથા પાકિસ્તાનની ખૂબ નજીક છે. આ ૧૬૦૦ કિમી લાંબા દરિયા કિનારેથી પડોસી દેશ પાકિસ્તાનના હેરોઈન કાર્ટેલ્સ(સંગઠનો) દ્વારા કેફી દ્રવ્યો તથા પ્રતિબંધીત નશીલા પદાર્થોની ગુજરાતના દરિયાકાઠેથી ભારતમાં ઘુસણખોરી કરાવવા અવારનવાર પ્રયત્નો કરવામાં આવે છે જે તમામ કન્સાઈનમેન્ટ સફળતાપૂર્વક જપ્ત કરી ગુજરાત એ.ટી.એસ. તથા ગુજરાત પોલીસની અન્ય એજન્સીઓ દ્વારા આવા નાપાક ઈરાદાઓને નિષ્ક્રીય કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત એ.ટી.એસ. દ્વારા લોકલ પોલીસ તથા ભારતીય કોસ્ટ ગાર્ડ સાથે મળી નીચે મુજબની સફળ કામગીરી કરેલ છે.

વર્ષ-૨૦૧૯માં ગુજરાત એ.ટી.એસ.ની ટીમ દ્વારા પોરબંદરથી અંદાજે ૧૭૮ નોટીકલ માઈલ દુર દરિયામાંથી એક શંકાસ્પદ બોટ પકડી પાડવામાં આવેલ. આ બોટમાંથી ૧૦૦ કિલોગ્રામ હેરોઇન કિં. રૂ. ૫૦૦ કરોડ નો જથ્થો પકડી પાડવામાં આવેલ તથા ૯ ઈરાનીઓની ધરપકડ કરવામાં આવેલ. વધુ તપાસ દરમ્યાન અન્ય બે આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ તથા ૫ કિલો 'આઈસ'તરીકે ઓળખાતા મેથામ્ફેટામાઈન નામક નશીલા પદાર્થ કિં. રૂ. ૨૫ કરોડ નો જથ્થો નવી દિલ્હી ખાતેથી રીકવર કરેલ.

વર્ષ-૨૦૨૦માં ગુજરાત એ.ટી.એસ. ની ટીમ દ્વારા જખૌની ઉત્તર-પશ્ચિમે દરિયામાં એક શંકાસ્પદ બોટ પકડી પાડવામાં આવેલ. આ બોટમાંથી ૩૫ કિલોગ્રામ હેરોઇન કિં. રૂ. ૧૭૫ કરોડ નો જથ્થો પકડી પાડવામાં આવેલ તથા ૫ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવેલ.

વર્ષ-૨૦૨૧માં ગુજરાત એ.ટી.એસ.ની ટીમ દ્વારા જખૌથી ૩૬ નોટીકલ માઇલ દુર દરિયામાં એક શંકાસ્પદ બોટને આંતરી રોકી લીધેલ તથા તેમાંથી ૩૦ કિલોગ્રામ હેરોઇન કિં. રૂ. ૧૫૦ કરોડ નો જથ્થો પકડી પાડવામાં આવેલ તથા ૮ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવેલ. તપાસમાં જાણવા મળેલ કે આ નશીલા પદાર્થનો જથ્થો પંજાબ મોકલવામાં આવનાર હતો.

વર્ષ-૨૦૨૧માં જગુજરાત એ.ટી.એસ. ની ટીમ દ્વાર પોરંબદરથી ૧૮૦ નોટીકલ માઇલ દુર દરીયામાં એક શંકાસ્પદ બોટને આંતરી રોકી લીધેલ.આ બોટ માંથી૩૦ કિલોગ્રામ હેરોઇન કિં. રૂ. ૧૫૦ કરોડ નો જથ્થો પકડી પાડવામાં આવેલ તથા ૭ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવેલ.

વધુમાં વર્ષ-૨૦૨૧માં જ ગુજરાત એ.ટી.એસ. ની ટીમ દ્વારા મોરબી ખાતેના એક નવીન બની રહેલ મકાનમાં દરોડો પાડી ૧૨૦ કિલો હેરોઈનનો જથ્થો કિં. રૂ .૬૦૦ કરોડનો જપ્ત કરેલ તથા ૩ આરોપીઓની ધરપકડ કરેલ. વધુ તપાસમાં જાણવા મળેલ કે, આ જથ્થો પાકિસ્તાનથી

દરિયાઈ માર્ગે મંગાવાયેલ હતો.તથા તપાસ દરમ્યાન ગુજરાત એ.ટી.એસ. દ્વારા મોરબી, જામનગર તથા નવી દિલ્હી ખાતેથી ઉપરોક્ત જથ્થા સહિત કુલ કુલ ૧૫૫.૩૦ કિલોગ્રામ હેરોઈન નો જથ્થો પકડી પાડેલ છે કે જેની આંતરરાષ્ટ્રીય બજાર કિં. ૭૭૬.૫ કરોડ છે તથા કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરેલ છે જેમા ૧ નાઈજીરીયન નો સમાવેશ થાય છે.

વર્ષ -૨૦૨૧માં દેવ ભુમિ દ્વારકા જીલ્લામાં ૧૧.૪૮૬ કિલો ગ્રામ હેરોઈન તથા ૬.૧૬૮ કિલો ગ્રામ મેથા એમ ફેટા માઈન ડ્રગ્સ તથા આરોપીની ઝડતી દરમ્યાન કુલ- ૪૫.૩૬૮ કિલો ગ્રામ માદક પદાર્થ હેરોઈન નો જથ્થો મળી કુલ- ૬૩ કિલો ०૧૯ ગ્રામ કિમત રૂ. ૩,૧૫,०૯,૫०,०००/- નો ડ્રગ્સનો જથ્થો કબ્જે કરી, ૭ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે.

આમ, ગુજરાત પોલીસ તથા તેની એજન્સી દ્વારા નીચે મુજબનું નાર્કોટીક્સ પકડવામાં આવેલ છે.

| વર્ષ | મેથામ્ફેટામાઈન (એમ.ડી.)/ એફેડ્રીન | હેરોઈન | બ્રાઉન સુગર/ચરસ | પકડાયેલ આરોપીઓ | કુલ કિંમત (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૯ | ૫ કિ. ગ્રા. | ૧૦૦ કિ.ગ્રા. | ૨૫૯૬ ગ્રા. | ૧૮ | ૫,૨૬,૯૬,૦૬,૫૦૦/- |
| ૨૦૨૦ | ૬૫૪.૬૩ ગ્રા. | ૩૫.૦૫૫ કિ. ગ્રા. | ૬૫૨.૭૯૩ ગ્રા. | ૧૯ | ૧,૭૭,૦૮,૭૩,૨૪૧/- |
| ૨૦૨૧ | ૧ કિ. ગ્રા. | ૨૯૨.૨૩૬ કિ.ગ્રા. | - | ૩૬ | ૧૪,૬૬,૧૮,૦૦,૦૦૦/- |
| કુલ | ૬.૬૫૪ કિ.ગ્રા. | ૪૨૭.૨૯૧ કિ.ગ્રા | ૩.૫૪૮૭૯૩ કિ. ગ્રા | ૭૩ | ૨૧,૭૦,૨૨,૭૯,૭૪૧/- |

આમ ગુજરાત પોલીસ તથા તેની એજન્સીઓ દ્વારા છેલ્લા ૩ વર્ષ દરમ્યાનમાં કુલ અંદાજીત ૪૩૭ કિલોગ્રામ થી વધુનો જુદાં જુદાં નશીલા પદાર્થનો જથ્થો જેની અંદાજીત રૂ. ૨૧૦૦ કરોડ થી વધુ થાય છે તે પકડી પાડવામાં આવેલ છે.

આ તમામ કામગીરી માત્ર રાજ્ય પોલીસ અને એ.ટી.એસ.ની છે. આ ઉપરાંત ગુજરાતમાં કેન્દ્ર સરકારની પણ અનેક એજેન્સી જેવી કે કસ્ટમ્સ, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો, ડી.આર.આઈ વિગેરે દ્વાર પણ તેમની કામગીરીના ભાગરૂપે આવા નશીલા પદાર્થો પકડવામાં આવતા હોય છે. તાજેતરમાં અદાણી

મુંદ્રા પોર્ટ તથા સ્પેશીયલ ઈકોનોમીક ઝોન, ગુજરાત ના કસ્ટમ ઝોન ખાતેથી ૩૦૦૦ કિલોગ્રામ હેરોઇન કિં રૂ. ૨૧,૦૦૦ કરોડ નો જથ્થો જપ્ત કરવામાં આવેલ હતો. પરંતુ આ બાબત કેંદ્ર ના નાણા મંત્રાલય હેઠળ આવતી એજન્સી ડી.આર.આઇ ગાંધીધામ દ્વારા જપ્ત કરવામાં આવેલ હોવાથી તે એજેન્સી દ્વારા ગુનો નોંધવામાં આવેલ છે. બાદ આ ગુનાની તપાસ કેંદ્રીય ગૃહ ખાતાના હુકમથી એન.આઇ.એ. ને સોંપવામાં આવેલ. જેની તપાસમાં જાણવા મળેલ કે સદર જથ્થો મુંદ્રા પોર્ટ ખાતેથી મંગાવી દિલ્હી ખાતે તેનુ પ્યોરીફીકિશન કરી તેને પંજાબ તથા અન્ય રાજ્યોમાં સપ્લાય કરવામાં આવનાર હતો. આ ગુના સંદર્ભે કેંદ્રીય તપાસ એજન્સી એન.આઇ.એ./ડી.આર.આઇ. દ્વારા જુદાં જુદાં રાજ્યોના તથા અફઘાનીસ્તાનના નાગરીક સહિત કુલ ૨૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. સદર રૂ. ૨૧,૦૦૦ કરોડના જથ્થો ગુજરાતના મુંદ્રા પોર્ટના કસ્ટમ ઝોન ખાતેથી પકડવામાં આવેલ હોય જેની તપાસ કેંદ્રિય તપાસ એજન્સી  એન.આઇ.એ.દ્વારા થતી હોઇ તથા આ કસ્ટમ ઝોન ગુજરાત પોલીસ તથા તેની અન્ય કોઇ એજન્સીઓના કાર્યક્ષેત્ર બહાર હોય તેઓ તપાસમાં સામેલ નથી.